દાખલ તારીખ : ૦૩/૧૧/૨૦૨૧
નોંધ્યા તારીખ : ૦૩/૧૧/૨૦૨૧
ચૂકાદા તારીખ : ૦૧/૦૩/૨૦૨૩
સમયગાળો : વર્ષ , માસ , દિન

## સુરતના અગીયારમા એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટની કોર્ટમા,
( એ.કે.ગોહિલ,અગીયારમાં એડી.ચીફ જયુડી.મેજી.સુરત સમક્ષ)

| | |
|---|---|
| ક્રિમીનલ કેસ ક્રમાંક:- | ૧૦૦૮૯૪/૨૦૨૧ |
| આંક:- | ૧૮ |
| પ્રથમ બાતમી અહેવાલ ક્રમાંક:- | પુણા પોલીસ સ્ટેશન ફ.ગુ.રજી.નં.૧૧૨૦૦૪૬૨૧૧૯૫૮/૨૦૨૧ ભારતીય દંડ સંહિતાની કલમ-૨૯૪(ખ), ૪૦૬, ૪૨૦, ૫૦૬(૨) ૧૧૪ તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટની કલમ-૬૬(ડી)મુજબ |
| પોલીસ સ્ટેશન:- | પુણા પોલીસ સ્ટેશન |
| ફરિયાદી:- | શાંતિભાઈ કાળુભાઈ સરઠીયા રહે. પુણા ગામ, સુરત |
| ફરિયાદપક્ષે:- | વિદ્વાન એ.પી.પી.શ્રી બી.એમ.પઠાણ |
| આરોપી:- | (૧) અશફાક ઉર્ફે અફાક સાબીતઅલી શેખ,<br>(૨) અંકિતાબેન ઉર્ફે પ્રિયંકા ઉર્ફે પ્રિયા અશફાક સાબીતઅલી શેખ,<br>રહે. બંને , ફલેટ નં.૧૦૦૨, ફલોરીન્ટીયા ગાર્ડનસીટ<br>પી.કે.રોડ,મીરા રોડ , ઈસ્ટ થાણે, મુંબઈ (મહારાષ્ટ્ર). |
| બચાવપક્ષે:- | વિદ્વાન વકીલશ્રી બી.કે.વાળા |

| | |
|---|---|
| ફરીયાદ દાખલ તારીખ:- | ૨૬.૦૭.૨૦૨૧ |
| પ્લી નોંધ્યાની તારીખ:- | ૨૮.૧૧.૨૦૨૨ |
| પુરાવો શરૂ થયાની તારીખ:- | ૧૩.૦૨.૨૦૨૩ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ:- | ૨૨/૦૨/૨૦૨૩ |
| ચુકાદાની તારીખ:- | ૨૭/૦૨/૨૦૨૩ |
| આખરી હુકમ:- | નિદોર્ષ ઠરાવી છોડી મુકેલ છે. |

## -:: ઠરાવ ::-

૧. ફરીયાદપક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારીમા ઈલેકટ્રીક ઉપકરણ મોબાઈલ ફોનમા ફેસબુક એપ્લીકેશનમા આરોપી નં.૨નાએ પ્રિ

યંકા જૈન નામની આઈ.ડી.બનાવી આરોપી નં.૨નાએ પોતાની ઓળખ છુપાવી આ કામના ફરીયાદી સાથે ફેસબુક એપ્લીકેશનમા મેસેજથી વાતો કરી ફરીયાદી સાથે લગ્ન કરવા માંગે છે તેવુ ફરીયાદીને પ્રલોભન આપી ફરીયાદી પાસેથી અલગ અલગ તારીખોએ અલગ અલગ બહાના હેઠળ પૈસાની માંગણી કરી ફરીયાદી પાસેથી કુલ રૂા.૨,૦૫,૧૪૫/– આરોપી નં.૨નાએ પોતાના ખાતામા ટ્રાન્સફર કરાવી લીધેલ અને ફરીયાદી સાથે લગ્ન ન કરી ઠગાઈ કરી ફરીયાદીને ફોનમા બીભત્સ ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપેલ, આ બાબતની ફરીયાદીએ ફરીયાદ આપતા ફરીયાદીની ફરીયાદ આધારે પુણા પોલીસ સ્ટેશનમા ફરીયાદ અન્વયે ગુન્હો રજીસ્ટર કરવામા આવેલ અને પોલીસ તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૨૯૪(ખ), ૪૦૬,૪૨૦,૧૧૪ તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટની કલમ–૬૬(ડી) મુજબના શિક્ષાનેપાત્ર ગુન્હાનું ચાર્જશીટ કરી ઈન્સાફી કાર્યવાહી માટે કોર્ટમાં રજુ કરેલ છે.

૨. ચાર્જશીટ રજુ થયા બાદ આરોપીઓ વિરુધ્ધ સમન્સ કાઢવામાં આવેલ છે. આરોપીઓને સમન્સની બજવણી થતા આરોપીઓ તેમના વિ.વ.શ્રી મારફત હાજર થયેલ છે. ત્યારબાદ આરોપીઓને પોલીસ પેપર્સની નકલો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અનુસાર વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ આંક– ૫ થી આરોપીઓ વિરુધ્ધ ૨૯૪(ખ), ૪૦૬,૪૨૦,૧૧૪ તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટની કલમ–૬૬(ડી) મુજબના ગુન્હાનું તહોમતનામું ફરમાવી આરોપીઓની આંક–૬ થી ૭ સુધીની જુબાની રેકર્ડ કરતા ગુન્હાનો ઈન્કાર કરેલ છે. જેથી ફરીયાદપક્ષનો કેસ પુરાવા ઉપર આવેલ છે.

૩. આ કામમાં ફરીયાદપક્ષે પોતાના કેસની હકીકતો સાબિત કરવા નીચે મુજબના મૌખિક તેમજ લેખિત દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ મૌખિક પુરાવા**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૨ | ફરીયાદી શાંતીભાઈ કાળુભાઈની જુબાની |
| ૨ | ૧૪ | સાહેદ ગોપાળ કાળુભાઈ રાદડીયાની જુબાની |

**ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો**

| ક્રમ | આંક | પુરાવાની વિગત |
|---|---|---|
| ૧ | ૧૩ | ફરીયાદીએ પુણા પોલીસ સ્ટેશનમા નોંધાવેલ એફ.આઈ.આર. |
| ૨ | ૧૫ | આરોપી અશ્ફાક સાબીતઅલીનુ અટક પંચનામુ |
| ૩ | ૧૬ | આરોપી નં.૨ અંકિતા ઉર્ફે પ્રિયંકા ઉર્ફે પ્રિંયાનુ અટક અને મુદામાલ મોબાઈલ ફોન કબ્જે કર્યાનુ પંચનામુ |

ઉપરોકત નોંધાયેલ પુરાવા બાદ આ કામે ફરીયાદપક્ષ તરફે વિશેષ કોઈ પુરાવો રજુ કરવા માગતા ન હોય, જેથી પુરાવો પુરો કર્યાની જાહેરાત કરતી પુરસીસ આંક-૧૭ થી રજુ કરેલ છે. ત્યારબાદ આરોપીઓનું વિશેષ નિવેદન ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ-૩૧૩ મુજબ નોંધવામાં આવેલ છે. જેમાં તેઓ નિર્દોષ હોવાની હકીકત જણાવેલ છે.બાદમાં બંને પક્ષોની વિગતવારની દલીલો સાંભળવામા આવેલ છે.

૪. આ કામે આરોપીઓ સામેના પુરાવાઓ તથા ઉભય પક્ષોની દલીલો ધ્યાને લેતા,હાથ પરના કેસના ન્યાયીક નિરાકરણ માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**-:: મુદ્દા ઓ ::-**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપી નં.૨નાએ ઈલ ેકટ્રીક ઉપકરણ મોબાઈલ ફોનમા ફેસબુક એપ્લીકેશનમા આરોપી નં.૨નાએ પ્રિયં કા જૈન નામની આઈ.ડી.બનાવી આરોપી નં.૨ના એ પોતાની ઓળખ છુપાવી આ કામના ફરીયાદી સાથે ફેસબુક એપ્લીકેશનમા મેસેજથી વાતો કરી ફરીયાદી સાથે લગ્ન કરવા માંગે છે તેવુ ફરીયાદીને પ્રલોભન આપી ફરીયાદી પાસ ેથી અલગ અલગ તારીખોએ અલગ અલગ બહાના હેઠળ પૈસાની માંગણી કરી ફરીયાદી પાસેથી કુલ રૂા.૨,૦૫,૧૪૫/- આરોપી નં.૨નાએ પોતાના ખાતામા ટ્રાન્સફર કરાવી લીધેલ અને ફરીયાદી સાથે લગ્ન ન કરી ઠગાઈ કરી ફરીયાદીને ફોનમા બીભત્સ ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપેલ

અને ગુન્હો કરવામા આરોપીઓએ એકબીજાને મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ ૨૯૪(ખ), ૪૦૬,૪૨૦,૫૦૬(૨),૧૧૪ તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટની કલમ–૬૬(ડી) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

૫. ઉપરોકત મુદૃાઓ અંગેના આ અદાલતનાં નિર્ણયો નીચે મુજબના છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

–:: કારણો ::–

<u>મુદૃા નંબર : ૧ અને ૨</u>

૬. આ કામે આરોપીઓ સામેનો કેસ ફોજદારી સ્વરૂપનો હોય ફોજદારી ન્યાયશાસ્ત્ર અનુસાર તથા ભારતીય પુરાવા અધિ.ની કલમ–૧૦૧ થી ૧૦૩ અનુસાર આરોપીઓ સામેનો કેસ નિ:શકપણે સાબીત કરવાનો સાબીતીનો બોજો ફરીયાદપક્ષના શિરે રહેલો છે.

ઈ.પી.કો.કલમ–૪૦૬ મુજબનો ગુનો સાબીત કરવા માટે નીચે મુજબની વિગત નિર્વિવાદીત રીતે સાબીત કરવી પડે.

૧. આરોપીને કોઈ મિલકત સોંપવામાં આવી હતી અને આરોપીને તે મિલકત ઉપર તે મુજબ અધિકાર હતો.

૨. આરોપીએ તે મિલકતની ઉચાપત કરી અથવા તેને પોતાના ઉપયોગમાં લીધી અથવા અન્ય વ્યકિતને ઉપયોગમાં જાણી બુઝીને લેવા દીધેલી.

૩. આરોપીએ આવુ કૃત્ય અપ્રમાણિકપણે કરેલુ, અને ગર્ભિત કાનૂની કરારના આદેશનુ ઉલ્લંઘન કરી, આરોપીએ કૃત્ય કરેલુ.

ઈ.પી.કો.કલમ–૪૨૦ મુજબનો ગુનો સાબીત કરવા માટે નીચે મુજબની વિગત નિર્વિવાદીત રીતે સાબીત કરવી પડે.

૧. આરોપીએ ફરીયાદી સાથે ઠગાઈ કરેલી,

૨. આરોપીએ આવુ કૃત્ય અપ્રમાણિકપણે કરેલુ.

૩. આરોપીએ અપ્રમાણિકપણે છેતરાયેલ વ્યકિતને લલચાવીને કોઈ મિલકત આપી દેવા અથવા કિંમતી જામીનગીરી અથવા એવી ચીજ કે જેને કિંમતી જામીનગીરીમાં પરિવર્તીત કરી શકાય, તેવી વસ્તુ સંપૂર્ણપણે અથવા આંશિક રીતે આપી દેવા માટે ઠગાઈ કરેલી.

૪. આરોપીએ તેવી મિલકતમાં ફેરફાર કરવા અથવા તેનો નાશ કરવા માટે છેતરાયેલ વ્યકિત અપ્રમાણિકપણે લલચાવેલી.

૭. આ કામે ઉકત આવશ્યક તત્વોને નજર સમક્ષ રાખી ફરીયાદપક્ષ દવારા રજુ કરવામાં આવેલ પુરાવાઓની વિગતો જોવામા આવે તો ફરીયાદપક્ષે આ કામે સાહેદ નં.૧ આ કામના સૌથી મહત્વના સાહેદ એવા ફરીયાદી શાંતિલાલ સોરઠીયાને આંક-૧૨થી તપાસવામા આવેલ છે સદર ફરીયાદીએ પોતાના પુરાવામા જણાવેલ છે કે, બનાવ દોઢેક વર્ષ પહેલા બનેલ.તા. ૩/૮/૨૦૨૦ ના રોજ ફેસબુક પર પ્રિયંકા જૈન નામે આઈડીથી તેમની આઈડી પર રીકવેસ્ટ આવેલી અને અને ૬/૮/૨૦૨૦ના રોજ પ્રિયંકા જૈને મોકલેલ રીકવેસ્ટ સ્વીકારેલ એ તે રીતે પરીચયમા આવેલ.બંને એકબીજા સાથે વાતચીત કરતા હતા અને જરૂર પડતા તેને પૈસાની મદદ કરેલી આ બાબતે મનદુખ થતા પુણા પોલીસ સ્ટેશનમા ફરીયાદ આપેલ. જે ફરીયાદમા પોતાની સહી ઓળખી બતાવતા આંક-૧૩ થી રજુ થયેલ છે. વધુમા સદર ફરીયાદીએ બચાવપક્ષે કરેલી ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરે છે કે, એ વાત ખરી છે કે આરોપીઓએ તેઓની સાથે કોઈ વિશ્વાસઘાત કે છેતરપીંડી કરેલ નથી કે ગંદી ગાળો આપેલ નથી કે જાનથી મારી નાખવા ધમકી આપેલ નથી. વધુમા ફરીયાદીએ ઉલટતપાસમા એમ પણ જણાવેલ છે કે તેઓ કયારેય મુંબઈ ગયેલ નથી. એ વાત ખરી છે કે આરોપીઓ સાથે નાણાકીય લેતીદેતીનો વ્યવહાર હતો અને રકમ મળી ગયેલ છે.

૮. આ ઉપરાંત આ કામે ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં આંક-૧૪ થી સાહેદ નં.ર ગોપાળ કાળુભાઈ રાદડીયાને તપાસેલ છે અને તેઓએ પોતાના સોગંદ પરના પુરાવામા જણાવેલ છે કે, ફરીયાદી તેમના મીત્ર થાય છે તેઓએ કરેલ ફરીયાદના કામે પોલીસે તેમનુ નામ સરનામુ

પુછેલ. બનાવની વિગત શુ હતી તે ખબર નથી અને બનાવ બાબતે વધારે કંઈ જાણતા નથી. આમ, આ સાહેદે આંક–૧૩ વાળી ફરીયાદ અને ફરીયાદપક્ષના કેસથી વિપરીત જુબાની રજુ રાખતા વિ.એ.પી.પી.શ્રીએ સાહેદને ફરી ગયેલ જાહેર કરી ઉલટતપાસમા પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા પરવાનગી માંગેલ છે અને તેમાથી પણ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી. વધુમા સદર સાહેદે બચાવપક્ષની ઉલટતપાસમા જણાવેલ છે કે, તેઓ આરોપીઓને ઓળખતા નથી અને ઉલટતપાસમા એમ પણ કબુલ કરેલ છે કે બનાવ વિશે કોઈ જાતમાહીતી નથી.

૯. આમ, આ કામે ઉકત તમામ પુરાવા જોતા ફરીયાદી અને સાહેના પુરાવાની વિગતો જોતા આ કામના આરોપીઓએ ફરીયાદીને લલચાવેલ હોય કે ફરીયાદી સાથે નાણાકીય છેતરપીંડી કરી ગુનાહીત વિશ્વાસઘાત કરેલ હોય તેવી કોઈ હકીકત માની શકાય તેવા પુરાવા થકી શંકાથી પર રેકર્ડ પર આવેલ નથી. વધુમા ફરીયાદપક્ષે આ કામે રજુ કરેલ દસ્તાવેજી પુરાવાની મુલવણી કરવામા આવે તો ફરીયાદપક્ષે આંક–૧૩ થી ફરીયાદ રજુ કરવામા આવેલ છે પરંતુ તે ફરીયાદના કથનોને સમર્થન મળે તેવો આધારભુત પુરાવો ફરીયાદીના પુરાવા થકી રેકર્ડ પર આવેલ નથી. તેમજ આંક–૧૪ થી તપાસવામા આવેલ સાહેદના પુરાવાના મુલવણી કરતા પણ તેમના પુરાવા થકી પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન મળે તેવો કોઈ આધારભુત પુરાવો રેકર્ડ પર આવેલ નથી અને ફરીયાદપક્ષ દવારા આ કામે આંક–૧૫ થી આ કામના આરોપી અશફાક ઉર્ફે અફાક સાબીતઅલીનુ અટક પંચનામુ રજુ કરવામા આવેલ છે અને સદર પંચનામુ જોતા તેના કથનોને સ્વતંત્ર સાહેદોની જુબાનીથી સમર્થન મળેલ નથી તેમજ આંક–૧૬ થી આરોપી અંકિતા ઉર્ફે પ્રિયંકા ઉર્ફે પ્રિંયા ને અટક કરેલ તે તથા મુદામાલ મોબાઈલ ફોન કબ્જે કરેલ તે પંચનામુ રજુ કરવામા આવેલ છે અને તે પંચનામુ જોતા આરોપીઓને આ કામે અટક કરવામા આવેલ હોવાનુ માની શકાય પરંતુ ફરીયાદીની ફરીયાદ અને સોગંદ પરના પુરાવાની મુલવણી કરતા આરોપીઓ સામે આક્ષેપીત ગુન્હાના આવશ્યક તત્વો ફળીભુત થાય તેવો પુરાવો ફરીયાદી કે સાહેદના પુરાવા થકી રેકર્ડ પર આવેલ નથી. વધુમા આ કામે ફરીયાદીના આંક–૧૨ ના સોગદં

પરના પુરાવાની મુલવણી કરતા આંક–૧૬ વાળા મોબાઈલ ફોન થકી કે તેમા ફેસબુક એપ્લીકેશનનો ઉપયોગ કરી ખોટી આઈડી હાલના આરોપીઓએ બનાવી તેનાથી ફરીયાદી સાથે વિશ્વાસઘાત કરેલ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. હાલના કામે આરોપીઓ સામે ધી ઈન્ફર્મેશન ટેકનોલોજી એકટ ૨૦૦૦ ની કલમ–૬૬(ડી) મુજબના ગુનાનો આક્ષેપ છે, ત્યારે ધી ઈન્ફર્મેશન ટેકનોલોજી એકટ ૨૦૦૦ ની કલમ–૬૬ વંચાણે લેતા તેમાં કોઈ વ્યકિત અપ્રમાણિકપણે અથવા કપટપૂર્વક કલમ–૪૩ માં જણાવેલ કોઈ કાર્ય કરે તેને ત્રણ વર્ષ સુધીની કેદની અથવા પાંચ લાખ સુધીના દંડની અથવા બન્ને શિક્ષા કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે, ત્યારે સૌ પ્રથમ ધી ઈન્ફર્મેશન ટેકનોલોજી એકટ ૨૦૦૦ ની કલમ–૪૩ વંચાણે લેવી પણ જરૂરી જણાય છે. ધી ઈન્ફર્મેશન ટેકનોલોજી એકટ ૨૦૦૦ ની કલમ–૪૩ વંચાણે લેતા,

કલમ ૪૩. કોમ્પ્યુટરને અથવા તેની સીસ્ટીમને નુકશાન (કરવા) માટે દંડ અને વળતા:– જો કાઈ વ્યકિત, કોમ્પ્યુટરના ચાર્જમાં હોય અને કોમ્પ્યુટર સીસ્ટીમ અથવા કોમ્પ્યુટર નેટવર્કનો હવાલો (ચાર્જ) ધરાવતી હોય તેની રજા વિના–

(એ) આવા કોમ્પ્યુટર, કોમ્પ્યુટર સીસ્ટીમ અથવા કોમ્પ્યુટર નેટવર્ક અથવા કોમ્પ્યુટર રીસોર્સમાં પ્રવેશ મેળવે,

(બી) આવા કોમ્પ્યુટરમાંથી, કોમ્પ્યુટર સીસ્ટીમમાંથી અથવા કોમ્પ્યુટર નેટવર્કમાંથી, જેમાં ઈન્ફોર્મેશન ડેટા જે ખસેડી શકાય તેવા સ્ટોરેજ (ભંડાર) માધ્યમમાં ભરેલો હોય તેની નકલ કરે અથવા તેમાંથી ઉતારો કરે (extracts);

(સી) ×× (ડી) ××× (ઈ) ××× (એફ) ××× (જી) ××× (એચ) ×××

(આઈ) કોમ્પ્યુટર રીસોર્સ (ભંડાર) માં રહેલી કોઈપણ માહિતીનો નાશ કરે, અથવા તેમાં રહેલી માહિતીમાં ફેરફાર કરે અથવા તેનું મૂલ્ય અથવા ઉપયોગ ઘટાડે અથવા કોઈપણ સાધનોથી તેને નુકશાન થાય તે રીતે કાર્ય કરે;

(જે) ×××

તે વ્યકિત આથી અસર પામેલ વ્યકિતને વળતર તરીકે નુકશાન આપવાને જવાબદાર ઠરશે.

૧૦. આમ ધી ઈન્ફર્મેશન ટેકનોલોજી એકટ ૨૦૦૦ ની કલમ–૬૬ તથા કલમ–૪૩ એકીસાથે વંચાણે લેતા તેમાં, જો કોઈ વ્યકિત અપ્રમાણિકપણે અથવા કપટપૂર્વક કોમ્પ્યુટર સીસ્ટીમ અથવા કોમ્પ્યુટર નેટવર્ક નો હવાલો ધરાવતી વ્યકિતની પરવાનગી વિના કોમ્પ્યુટર સીસ્ટીમ અથવા કોમ્પ્યુટર નેટવર્ક અથવા રીર્સોસમાં પ્રવેશ કરે અથવા કોઈ ઈન્ફર્મેશન ડેટા જે સ્ટોરેજમાં ભરેલો હોય તેની નકલ કરે તો તેણે ધી ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટ ૨૦૦૦ ની કલમ–૬૬ મુજબનો ગુનો કરેલ હોવાનું ગણી શકાય. આ ઉપરાંત આ કામના આરોપીઓ સામે ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટની કલમ–૬૬(ડી) મુજબનો આરોપ મુકવામાં આવેલ હોય તે અંગે પડેલ પુરાવાની ચર્ચા કરવામાં આવે તો આ કામના આરોપીએ કોઈ કોમ્પ્યુટર કે રીસોર્સનો ઉપયોગ કરી પોતાની સાચી ઓળખ છુપાવી ખોટી ઓળખ આપી ખોટો સ્વાંગ રચેલ હોય તે હકીકત પણ ફરિયાદપક્ષ રેકર્ડ પર પુરવાર કરી શકેલ ન હોય તે સંજોગોમાં આ કામના આરોપીઓએ કોમ્પ્યુટર રીસોર્સીસનો દુરઉપયોગ કરી પોતાની સાચી ઓળખ છુપાવી આ કામના ફરિયાદી સાથે ઠગાઈ આચરેલ હોય તેવો સબળ પુરાવો રેકર્ડ પર આવે ન હોય ત્યારે આરોપીઓને સદર કાયદાની કલમ–૬૬(ડી) અનુસાર પણ ખોટો સ્વાંગ રચી ઠગાઈ કરવા માટે તકસીરવાન ઠરાવી શકાય નહી.

૧૧. આમ,આ કામે ઉકત કાનુની પ્રબંધો અને રેકર્ડ પરનો રજુ પુરાવો ધ્યાને લેતાં આ કામના આરોપીઓએ ફરીયાદીને લગ્નની લાલચ આપી નાણાકીય છેતરપીંડી આચરી આરોપીઓએ ગુન્હાહીત વિશ્વવાસઘાત કરેલ હોય તેવી કોઈ હકીકત જણાઈ આવતી નથી. આ કામે આરોપીઓ સામે ઈ.પી.કો.કલમ–૪૨૦ ના આક્ષેપો મુકવામાં આવેલા છે ત્યારે ફરીયાદપક્ષે ગુન્હાહિત વિશ્વાસઘાત તથા છેતરપીંડીના ગુન્હા અન્વયે આવશ્યક તત્વો પ્રથમદર્શનિય રીતે પુરવાર કરવા જોઈએ અને આ બંને ગુન્હા સાબીત કરવા માટે આરોપીનુ માનસિક તત્વ પ્રથમથી જ છેતરપીંડી કરવાનુ હતુ, તેવુ ફરીયાદીએ પ્રથમ દર્શનિય રીત દર્શાવવુ

પડે, આ કામે ફરીયાદીનો સોંગદ પરનો પુરાવો તથા ફરીયાદ લક્ષમા લેવામા આવે તો તેમાથી આ કામના આરોપીઓએ ફરીયાદીને રકમ આપવા માટે લલચાવેલ હોય અને ફરીયાદી સાથે આરોપીઓનો પ્રથમથી જ છેતરપીંડી કરવાનો ઈરાદો પુરવાર થતો નથી. વધુંમાં નામદાર ગુજરાત વડી અદાલતે, **"પ્રવિણભાઈ બેચરભાઈ વણકર વિ. સ્ટેટ ઓફ ગુજરાત" જે ૨૦૦૭(૧) જી.એલ.આર. પાન નં.૩૩૭** ના ચુકાદામાં એમ ઠરાવેલ છે કે, In order to convict an accused under Section-504 of Indian penal Code, the actual word used by the accused must be brought on record by the prosecution from the month of the witness. The insult envisaged by section-504 must not only be intentional but also thereby must give provocation to person insulted to breach public peace or to commit any other offence In order to convict an accused under Section-506(2) of Indian penal Code, the threat as contemplated in Section-506 must cause alarm in the mind of person so threatened.

આમ, ઉપરોકત ચુકાદાના સિધ્ધાંતો ધ્યાને લેતાં આ કામના આરોપીઓએ ફરીયાદીને જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય અને તે ધમકીના કારણે ફરીયાદી કે સાહેદો સતત ભયના ઓથાર હેઠળ રહેલ હોય તેવો કોઈ પુરાવો પણ રેકર્ડ પર આવેલ નથી.આમ,પડેલ પુરાવા ઉપર આધાર રાખી આરોપીઓને તકસીરવાન ઠરાવી સજા કરવી ન્યાયી અને ઉચિત જણાતું નથી કારણ કે આ કામે ફરીયાદપક્ષ આરોપીઓએ ફરીયાદી સાથે વિશ્વાસઘાત કરેલ હોવાના આરોપ વાજબી પુરાવાથી પુરવાર કરી શકેલ નથી. આ કામના આરોપીઓ વિરુધ્ધ ફરીયાદપક્ષ તહોમત મુજબના ગુન્હાના આવશ્યક તત્વો શંકાથી પર પુરવાર કરી શકેલ ન હોય જેથી મુદ્દા નંબર : ૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નંબર : ૨ અંગે અંતીમ હુકમ નીચે મુજબ ફરમાવું છું.

**-:: હુકમ ::-**

૧. આ કામના આરોપી નં.(૧) અશફાક ઉર્ફે અફાક સાબીતઅલી શેખ, (૨) અંકિતાબેન ઉર્ફે પ્રિયંકા ઉર્ફે પ્રિયા અશફાક સાબીતઅલી રહે. બંને ફલેટ નં.૧૦૦૨, ફલોરીન્ટીયા ગાર્ડનસીટી

પી.કે.રોડ, મીરા રોડ, ઈસ્ટ થાણે, મુંબઈ (મહારાષ્ટ્ર)વાળાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ ૨૯૪(ખ),૪૦૬,૪૨૦,૫૦૬(૨),૧૧૪ તથા ધી ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટની કલમ–૬૬(ડી) મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કરવામા આવે છે.

૨. આ કામે મુદામાલ પાવતીમા જણાવેલ મુદામાલ મોબાઈલ ફોન સેમસંગ ગેલેક્ષી એસ૨૧ નો અપીલ સમય પુરો થયા બાદ જેની પાસેથી કબ્જે થયેલ હોય તેને જરૂરી ખરાઈ કરી પરત આપવો.

૩. આરોપીઓના ખત અને જામીનખત રદ કરવામા આવે છે.

૪. આ કામના બંને આરોપીઓએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૩૭(એ) મુજબ રૂ.૫,૦૦૦/– ની રકમના નવા જામીન તેમજ તેટલી જ રકમનાં જાતમુચરકા આ અદાલતમાં આપવાના રહેશે.

સદર હુકમ આજ તારીખ : ૦૧લી માહે: માર્ચ સને : ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૦૧/૦૩/૨૦૨૩ અમીત કે. ગોહિલ
સ્થળ : સુરત અગીયારમા એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
સુરત.
કોડ નં. જી.જે.૦૦૯૫૧